પૂજ્ય સોગાનીજી જન્મજયંતી વિશેષાંક

MAY 2025

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૧૪મી જન્મજયંતી પ્રસંગે
## કોટી કોટી વંદન!



ધન્ય ગુરુ !! ધન્ય શિષ્ય !!

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ–એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે–જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી–જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે. એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું– એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે–જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા–ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૫૧ : અંક-૩૨૯, વર્ષ-૨૭, મે-૨૦૨૫

## કહાનરત્ન કિરણો !!

**- અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**

**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



રાગ છે તે ચૂડેલ ડાકણ સમાન છે, રાગનો પ્રેમ કરવાથી એ તને ખાઈ જશે-ભરખી જશે. પાપરાગની તો શું વાત ! પણ શુભરાગ કે જેણે હજારો રાણી છોડીને રાજપાટ છોડીને પંચમહાવ્રતના શુભરાગમાં પ્રેમ કર્યો છે તે આનંદસ્વરૂપ આત્માને ઘાયલ કરે છે, મારી નાખે છે. વીતરાગ-ભાવ ધર્મ છે તેને રાગભાવથી ધર્મ મનાવે તે વીતરાગના વેરી છે. પાપી મિથ્યાદૃષ્ટિ છે. ૮૯.

*

(જેમ મુસાફર) એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહિ ? શ્રદ્ધા-જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ. બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ... પાપ ને પાપ છે. અરે ! ક્યાં એને જવું છે ? રાગ અને હું એક છું, એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે? રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. એ તો ધીરાના-વીરાના કામ છે. ૯૦.

*

પ્રશ્ન :- જ્ઞાનનો સ્વભાવ જાણવાનો જ છે તો પોતે પોતાને કેમ નથી જાણતો ?

ઉત્તર :- એનો સ્વભાવ પોતાને જાણવાનો છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે. એટલે પોતે જણાતો નથી. પરમાં ક્યાંક ક્યાંક અધિકતા પડી છે એટલે બીજાને અધિક માનતો હોવાથી પોતે જણાતો નથી. અધિકપણાનું એનું બળ પરમાં જાય

છે તેથી પોતે જણાતો નથી. ૯૧.

*

શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબ-ઘર છે તેનું કુતૂહલ તો કર ! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર ! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો ! તેને દેખવા-અનુભવવાનું કુતૂહલ તો કર ! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર ! ૯૨.

*

પર્યાયની સ્વતંત્રતા જેને બેસે નહીં તેને દ્રવ્ય-ગુણ કે જે અવ્યક્ત શક્તિ સ્વભાવ છે તેની સ્વતંત્રતા બેસી શકે જ નહીં, વર્તમાન અંશ સ્વતંત્ર છે એ જેને બેસે તેને જ દ્રવ્યની સ્વતંત્રતા બેસી શકે છે. ૯૩.

*

તારા સ્વભાવસાગરની અશાતના ન થાય અને આરાધના થાય તેની આ વાત છે. આત્મામાં એક એક ગુણની અનંતી શક્તિ શુદ્ધ છે. એવા અનંત અનંત ગુણોની શુદ્ધતાનો આશ્રય જે પરિણતિ લ્યે છે તે પરિણતિને શુદ્ધત્વ પરિણમન કહે છે. તેને આત્માની આરાધના કહે છે. ૯૪.

*

આત્મા સમજવા માટે જેને અંતરમાં ખરેખરી ધગશ અને તાલાવેલી જાગે તેને અંતરમાં સમજણનો માર્ગ થયા વિના રહે જ નહીં. પોતાની ધગશના બળે અંતરમાં માર્ગ કરીને તે આત્મસ્વરૂપને પામે જ. ૯૫.

*

વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે-તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે. ૯૬.

*

અનંતા પ્રતિકૂળ દ્રવ્યો આવી પડે તેનાથી આત્મા હલ્યો હલે નહિ, તીવ્રમાં તીવ્ર આકરા અશુભ પરિણામો થાય તેનાથી પણ ધ્રુવ આત્મા હલ્યો હલે નહીં અને એક સમયની પર્યાયથી પણ આત્મા હલ્યો હલે નહિ. એવા અગાધ સામર્થ્યવાળો ધ્રુવ આત્મા છે, તેને લક્ષમાં લેવાથી ભવભ્રમણ છૂટે એવું છે. ૯૭.

*

મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભીખારી છે. મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે, જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અનુભવમાં આવી શકે છે. ૯૮.

*

પહેલાં ચારિત્રદોષ ટાળવાનો તું પ્રયત્ન કરે છે તે કરતાં પહેલા દર્શનશુદ્ધિ માટે પ્રયત્ન કર ! દ્રષ્ટિમાં વિકલ્પનો ત્યાગ કરતો નથી અને બહારના ત્યાગ કરી બેસે છે તે મિથ્યાત્વના જ પોષણનું કારણ છે. ૯૯.

*

ગાય, ભેંસ, વગેરે પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતા ગરીબ સ્ત્રીઓ ખુશી ખુશી થઈ જાય છે. અને ધન વૈભવ મળતા શેઠીયાઓ ખુશી ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એક વાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૧૦૦.

*

દેવ–ગુરુ–શાસ્ત્ર એમ કહે છે કે ભાઈ ! તારી મહિમા તને આવે તેમાં અમારી મહિમા આવી જાય છે. તારો તને મહિમા આવતો નથી તો તને અમારો પણ ખરેખર મહિમા આવ્યો નથી. અમને તેં ઓળખ્યા નથી. ૧૦૧.

*

સર્પના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી તે સર્પથી ડરે નહીં. સિંહના બચ્ચાને તેની માનું જ્ઞાન છે તેથી સિંહનું બચ્ચું સિંહથી ડરે નહિ. તેમ જ્ઞાન તેને કહીએ કે જેનાથી નીડરતા અને નિર્ભયતા આવે, તે કયારે આવે – કે જ્યારે શુદ્ધાત્માનું સાચું જ્ઞાન થાય ત્યારે. ૧૦૨.

*

જીવની દયા પાળવાના ભાવને લોકો જૈનના સંસ્કાર માને છે, પણ તે જૈનના સાચા સંસ્કાર નથી, જૈનના સાચા સંસ્કાર તો રાગથી ભિન્ન ચૈતન્યને માનવો તે જૈનના સાચા સંસ્કાર કહેવાય. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, એહી વચનસે સમજલે જિન પ્રવચનકા મર્મ.' ૧૦૩.

*

૧૨ અંગના જ્ઞાનને પણ સ્થૂલ જ્ઞાન કહ્યું છે કે જે બાર અંગનું જ્ઞાન લખ્યું લખાય નહિ, ભણ્યું ભણાય નહિ, સાંભળીને કહી શકાય નહિ, છતાં એ જ્ઞાનને સ્થૂલ કહ્યું છે. જે જ્ઞાન રાગને ભિન્ન પાડીને પર્યાયને ભગવાન બનાવે છે તે જ્ઞાનને ભગવતીપ્રજ્ઞા કહે છે. સમ્યગ્જ્ઞાન કહે છે. એ ભગવતીપ્રજ્ઞા વડે ભવના નીવેડા આવે છે. ૧૦૪.

*

અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ, ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડા સમાન છે. અને ધર્મ તે દાગીના સમાન છે. કપડાં વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. ૧૦૫.

*


વીર્યનું ફોરવવું જેટલું દોષ તરફ જાય તે બાલવીર્ય છે, અને વીર્યનું જેટલું વલણ ગુણ તરફ જાય તે પંડિતવીર્ય છે. ૧૦૬.

*

ભદ્રિકપણું એટલે પોતાનો નાનો દોષ કોઈ દેખાડે અથવા તો પોતે દેખે ત્યાં તુરત જ પોતે કબૂલ જ કરે છે, બીજાનો નાનો ગુણ દેખે ત્યાં બહુમાન કરે. પોતાની મોટપ વધારવા ને બીજાની હીણપ કરવામાં જે પ્રકારના વિચાર, વાણી અને વર્તન થાય તે ભદ્રિકતા ન ગણાય, પણ વક્રતા કહેવાય. પોતાની જે હદ હોય તે હદ ઉપરાંત વધારે પોતાની મોટપ બતાવવા જે વર્તન થાય તે વક્રતા છે. ૧૦૭.

*





## ધન્ય ગુરુ !! ધન્ય શિષ્ય !!

## શિષ્યરત્ન પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજી પ્રતિ પ્રમોદપૂર્ણ આશીર્વચન !!

...બે જગ્યાએ છે. જુઓ ! એ ૩૫૭. જોયું? **'પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં ઉનકો સહજ હોના ચાહિએ.'** જોયું? અને ૬૮માં (બોલમાં) આવે છે. ત્યાં ના પાડશે. **'પ્રશ્ન :– અનુભવ હોને કે બાદ પરિણામમેં મર્યાદા આ જાતી હૈ ન ? વિવેક હો જાતા હૈ ન?'** એમ પ્રશ્ન છે. **'ઉત્તર : વિવેક કી બાત એકબાજૂ રખો; એકદફા વિવેક કો છોડ દો ! (–પર્યાય કી સાવધાની છોડ દો !) પરિણામ માત્ર હી 'મૈં' નહીં; 'મૈં' તો અવિચલિત ખૂંટા હૂં; મેરેમેં ક્ષણિક અસ્તિત્વ હૈ હી નહિ. વિવેક કે બહાને ભી જીવ પરિણામ મેં એકત્વ કરતે હૈં.'** ત્યાં એ કહ્યું અને અહીં હા પાડી છે. અપેક્ષાથી (વાત છે). અહીં હા પાડી છે. જુઓ ! 'પરિણામ કા વિવેક તો જો અનંત સુખી હોના ચાહતે હૈં ઉનકો સહજ હોના ચાહિએ.' સહજ હોના ચાહિયે! બન્ને ઠેકાણે પાનું મૂક્યું છે, હોં ! આ..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૧-૭૨, તા. ૯-૭-૭૫, પ્ર.-૮૪, ૫૨:૪૫ મિનિટે)

*

...જેણે રાગ અને દ્વેષને, વિષય-કષાયરૂપી શત્રુને દૂર કર્યાં છે તેવા પુરુષને તો તેનો આત્મા જ ધ્યાન માટે સાચું અત્યંત નિર્મળ આસન છે. આહા..હા...! 'ન્યાલભાઈ'એ એક ઠેકાણે કહ્યું છે ને કે, હું તો પલાંઠી વાળીને અંદર બેસી જાઉં છું. ભાષા એવી સાદી કરી નાખી છે ! પલાંઠીનો અર્થ કે હું તો અંદરમાં બેસી જાઉં છું, એમ. 'પલાંઠી વાળીને' એમ (આવે) છે. ત્યાં પલાંઠી વાળતા હશે ? એનો અર્થ કે, મારી પર્યાય ત્યાં થંભી જાય છે. આહા..હા...! લોકોને વિશેષ એવું લાગે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. પર્યાયને દ્રવ્યમાં સ્થાપી, એમાં

લીન કરી એ પલાંઠી વાળીને બેસી ગયો, એનો અર્થ ઈ. આસન નાખ્યું ધ્રુવમાં ! એમ. આવો માર્ગ ભારે, ભાઈ !

('શ્રી સમાધિતંત્ર' શ્લોક - ૭૩-૭૪, તા. ૧૧-૭-૭૫, પ્ર.-૮૬, ૧૨:૩૫ મિનિટે)

*

આ..હા..હા...! તારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે ને ! એ કોણ કરાવે ને કોણ શીખવે? કે, પોતે. આ..હા..હા...! મૃગની નાભિમાં કસ્તૂરી (છે) એને એની ખબર નથી. આને ખબર પડે ત્યારે પોતે ખબર પાડે છે કે, ઓ..હો...! જ્યાં હું ઊભો છું તે તો પર્યાય છે અને એ પર્યાય જેની છે એ તો મહાતત્ત્વ છે ! એ પર્યાય એના ઉપર ખડી રહી છે. છે એવી ભાષા ? આ શબ્દ 'ન્યાલભાઈ'માં છે. કોઈએ એમ પૂછ્યું કે, 'આ વાત ન્યાયથી તો મગજમાં બેસે છે પણ હજી ધ્રુવ સ્વભાવ તરફ જતો નથી. એનું શું કારણ ?' આવે છે એમાં ? આવે છે ક્યાંક આવે છે ખરું ! મોટો દરિયો છે ! ત્યારે કહે છે કે, જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે, વિકલ્પથી - ન્યાયથી (બેસે છે) એ પર્યાય કોઈ ઉપર ખડી છે કે નહિ ? સમજાણું ? જે પર્યાયમાં તને ન્યાયથી બેસે છે તો હવે એ પર્યાય ક્યાં છે ? કોના આધારે છે ? નિશ્ચયથી પર્યાય પર્યાયનો આધાર એ અહીંયાં લેવો નથી. જેના ઉપર પર્યાય રહે છે એવું જે ધ્રુવ (તત્ત્વ છે) એનું લક્ષ કર તો તને અનુભવ થાય. આહા..હા...! પર્યાયમાં તને એ વાત બેઠી હોય તો એ પર્યાય કોના ઉપર ઊભી છે ? એટલે કે એનો ઉત્પાદ્ કોને આધારે ? કોના આધારમાં ? અદ્ધર ઉત્પાદ થયો છે ? જેના ઉપર એ પર્યાય થઈ છે, ખડી છે, છે એના આધારમાં જા ! આહા..હા...! આવી વાત ઝીણી ભારે ! એણે કરવાનું તો આ છે. બાકી બધી વાતું છે. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૫-૭૬, તા. ૧૩-૭-૭૫, પ્ર.-૮૮, ૯:૩૫ મિનિટે)

*

...ત્રણ લોકના નાથની વાણી સાંભળવી, એ વાણી પરદ્રવ્ય છે. આહા..હા...! એના ઉપર સાંભળવાના લક્ષે તો વિકલ્પ છે. છતાં એક ઠેકાણે ('નિહાલભાઈ'એ) પાછું કહ્યું છે ને ? ભાઈ ! આચાર્યના શબ્દો(માં) આનંદનો રસ ટપકે. ઈ કઈ અપેક્ષાએ ? સ્વભાવનો આશ્રય લઈને જે વાંચે, સમજે છે... આ..હા..હા...! એને ત્યાં આનંદ ઝરે છે એમ કહેવું છે. વાંચન-શ્રવણ વખતે પણ ધર્મીને તો સ્વભાવની શુદ્ધિની વૃદ્ધિ થતી જ જાય છે. આહા..હા...! એ એને લઈને નહિ. એ કાળમાં પોતાની શુદ્ધિ ઉપર, જોર છે ને ત્યાં ? આહા..હા...! પરિણામ મારું ધ્યાન કરે તો કરો. હું (કોનું) કરું ? આ..હા...! લોકોને કઠણ પડે. ઈ જાણે કોણ ? (તો) કે, પર્યાય પાછી. જાણે પર્યાય કે, પરિણામ ધ્રુવનું ધ્યાન કરે તો કરો. પર્યાય એમ જાણે. પણ હું કોનું ધ્યાન કરું ? 'હું' એટલે 'ધ્રુવ' એમ. આ..હા...! એવી અટપટી વાતનું સમાધાન ન સમજે તો એને શાંતિ ન મળે અને અશાંતિનો ખદબદાટ થયા જ કરે. આ..હા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૮-૭૯, તા. ૧૭-૭-૭૫, પ્ર.-૯૨, ૯:૪૦ મિનિટે)

*

'સોગાની'ની દ્રષ્ટિનું જોર દ્રવ્ય ઉપર બહુ હતું! બે ઠેકાણે લખે છે કે નહિ ? આ અમારી પદ્ધતિ - દ્રવ્યપ્રધાન કથન છે. શરૂઆતમાં છે. છે ને ! એ છે ક્યાંક. (પહેલે પાને ચર્ચામાં) જુઓ ! **'અપની**

**તો યહી દ્રષ્ટિપ્રધાન શૈલી હૈ.**' ઈ શૈલી. એને કંઈ ઉપદેશ કરવો નહોતો. એને કંઈ દુનિયામાં રાજી થાય ને સભા ભરાય ને એવું કાંઈ નહોતું. છે ને ? પ્રશ્ન છે કે '**આપ શુદ્ધ પર્યાય કો દ્રષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં યા જ્ઞાન કી અપેક્ષા સે ? ઉત્તર : દ્રષ્ટિ કી અપેક્ષા સે ભિન્ન કહતે હૈં; જ્ઞાન કી અપેક્ષા સે નહિ.**' ક્યોંકિ, જ્ઞાન જાણે છે, એમ (કહેવું છે). દ્રષ્ટિમાં ભેદ નથી ને ! '**દ્રષ્ટિ કરને કે પ્રયોજન મેં ભિન્નતા કા જોર દિયે બિના દ્રષ્ટિ અભેદ નહીં હોતી. ઈસીલિયે દ્રષ્ટિ કી અપેક્ષા સે હી ભિન્ન કહતે હૈં. ઔર અપની તો યહી 'દ્રષ્ટિપ્રધાન' શૈલી હૈ, સો ઐસે હી કહતે હૈં.**'

(બીજું) ૪૩૫ છે. ૪૩૫ (બોલમાં) હોં ! '**(મુજે) દ્રવ્ય કા બહુત પક્ષ હો ગયા હૈ...**' (એટલે કે) અમારું લક્ષ – વધારે જોર ત્યાં છે એમ. '**ઈસલિયે કથનમેં દ્રવ્ય સે (દ્રવ્ય કી પ્રધાનતા સે) હી સબ બાતેં આતી હૈં.**' બે ઠેકાણે આવ્યું ને ! (બોલ) ૨જો અને આ ૪૩૫. ઈ તો યથાર્થ છે.

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૮, તા. ૧૭-૭-૭૫, પ્ર.-૯૨, ૨૫:૨૦ મિનિટે)

*

...પ્રભુ ! એક સમયમાં પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે ! એને આત્મા કહીએ ને ? 'નિયમસાર' ૩૮ ગાથામાં તો એ લીધું ને ! નહિ ? આ ધ્રુવ, અભેદ, શુદ્ધ, ચૈતન્યઘન તે આત્મા. પર્યાયને ત્યાં લીધી નથી. આહા..હા...! એવો જે ભગવાન પૂર્ણ સ્વરૂપ ચૈતનદળ ! એ પર્યાયમાં આવતો નથી. ભાઈએ દાખલો આપ્યો છે ને ? 'ન્યાલભાઈ'એ ! અરીસાનો નહિ ? અરીસાનો દાખલો આપ્યો છે. અરીસો છે એની પર્યાયમાં આ બધું ભાસે છે. એનું દળ જે રહે છે એ પર્યાયમાં આવતું નથી. આહા..હા...! અને એ પર્યાય જે છે એમાં ભાસે ને ? સર્પ, કોલસા, અગ્નિ, બરફ. છે તો એની પર્યાય, ઈ (પોતે) નહિ પણ એ પર્યાયમાં એ ભાસે છે. પણ એ પર્યાયમાં આખું ચૈતન્યદળ આવ્યું નથી. કારણ કે આ તો પલટતી દશા છે અને ઓલી તો એકરૂપ વસ્તુ છે. આહા..હા...! તો એ પર્યાયમાં દળ નથી. દળ તો દળમાં છે. આહા..હા...! એવું જેને ભેદજ્ઞાન નથી એ બંધાણા છે એમ કહે છે.


('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૮, તા. ૧૮-૦૭-૭૫, પ્ર.-૯૩, ૧૦:૪૫ મિનિટે)

*

...જ્યારે યોગની પરિપક્વ અવસ્થા થાય એટલે અંદર સ્થિર થાય ત્યારે જેને આત્મબુદ્ધિનો સારો અભ્યાસ થયો છે, જેણે આત્મસ્વરૂપની સારી પેઠે ભાવના કરી છે. ભાવના શબ્દે એકાગ્રતા – તેવા નિશ્ચળ આત્મસ્વરૂપનો અનુભવ કરનારને... ચળે નહિ એવી સ્થિરતા જ્યાં જામી છે. આહા..હા...! એકલા આનંદના જ્યાં ઘૂંટડા પીવે છે. ભાઈએ દાખલો આપ્યો છે – શેરડીના રસનો! 'ન્યાલભાઈ'એ ! ગન્ના... ગન્ના ! તૃષા લાગી હોય (ત્યારે) ગન્નાનો – શેરડીનો રસ (પીવે) આમ ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... ઘટ... આ..હા..હા...! એમ અનુભવના કાળમાં શેરડીના રસની જેમ આનંદનો ઘટ.. ઘટ.. અનુભવ (થાય છે) ! આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૮, તા. ૧૮-૦૭-૭૫, પ્ર. – ૯૩, ૪૮:૦૦ મિનિટે)

*



## રાજહૃદય !!

– પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી

પત્રાંક – ૩૮૫

મુંબઈ, અસાડ, ૧૯૪૮

સૂર્ય ઉદય–અસ્ત રહિત છે, માત્ર લોકોને ચક્ષુમર્યાદાથી બહાર વર્તે ત્યારે અસ્ત અને ચક્ષુમર્યાદાને વિષે વર્તે ત્યારે ઉદય એમ ભાસે છે. પણ સૂર્યને વિષે તો ઉદયઅસ્ત નથી. તેમજ જ્ઞાની છે તે, બધા પ્રસંગને વિષે જેમ છે તેમ છે, માત્ર પ્રસંગની મર્યાદા ઉપરાંત લોકોનું જ્ઞાન નથી, એટલે પોતાની જેવી તે પ્રસંગને વિષે દશા થઈ શકે તેવી દશા, જ્ઞાનીને વિષે કલ્પે છે; અને એ કલ્પના જ્ઞાનીનું પરમ એવું જે આત્મપણું, પરિતોષપણું, મુક્તપણું તે જીવને જણાવા દેતી નથી, એમ જાણવા યોગ્ય છે.

જે પ્રકારે પ્રારબ્ધનો ક્રમ ઉદય હોય તે પ્રકારે હાલ તો વર્તીએ છીએ, અને એમ વર્તવું કોઈ પ્રકારે તો સુગમ ભાસે છે. ઠાકોર સાહેબને મળવા સંબંધી વિગત આજના પત્રને વિષે લખી, પણ પ્રારબ્ધ ક્રમ તેવો વર્તતો નથી. ઉદીરણા કરી શકીએ એવી અસુગમ વૃત્તિ ઉત્પન્ન થતી નથી.


જોકે અમારું ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ છે, તેને વિષે વાણીનું ઊઠવું, સમજાવવું, આ કરવું, અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્યપણાની પેઠે વર્તે છે; આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે. તે જેમ દુઃખે–અત્યંત દુઃખે – થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરૂપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્પ્રકારે વેદે છે, અખંડ સમાધિપણે વેદે છે. આ વાત લખવાનો આશય તો એમ છે કે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિષે આવો ઉપાધિજોગ વેદવાનો જે પ્રસંગ છે, તેને કેવો ગણવો ? અને આ બધું શા અર્થે કરવામાં આવે છે ? જાણતાં છતાં તે મૂકી કેમ દેવામાં આવતો નથી ? એ બધું વિચારવા યોગ્ય છે.

મણિ વિષે લખ્યું તે સત્ય છે.

'ઈશ્વરેચ્છા' જેમ હશે તેમ થશે. વિકલ્પ કરવાથી ખેદ થાય; અને તે તો જ્યાં સુધી તેની ઇચ્છા હોય ત્યાં સુધી તે પ્રકારે જ પ્રવર્તે. સમ રહેવું યોગ્ય છે.

બીજી તો કંઈ સ્પૃહા નથી, કોઈ પ્રારબ્ધરૂપ સ્પૃહા પણ નથી, સત્તારૂપ કોઈ પૂર્વે ઉપાર્જિત કરેલી ઉપાધિરૂપ સ્પૃહા તે તો અનુક્રમે સંવેદન કરવી છે. એક સત્સંગ – તમરૂપ સત્સંગની સ્પૃહા વર્તે છે.

(અનુસંધાન પાના નં ૧૭ પર... )



## વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે ?

–પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઉલટો છું, જો સુલટો હોત તો તરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું ? અરે ભાઈ ! ઉલટા-સુલટાની વાત જ નથી. પરિણામથી છૂટ્યો તો ધ્રુવ પર જ આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે) ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે. (૨૨૯)

*

વસ્તુ સાક્ષાત્ મોજૂદ પડી છે. માત્ર કલ્પના ન કરવી, પરંતુ તે રૂપ થઈ જવું. તન્મય થઈને અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્ત થઈ જવું. વસ્તુ સાક્ષાત્ છે, પછી માત્ર કલ્પના શા માટે કરવી ? તે રૂપ પરિણમી જવું! (સ્વરૂપના પ્રત્યક્ષ અનુભવ કાળમાં 'આત્મપ્રત્યક્ષતા'ના અવલંબનથી ઉત્પન્ન પુરુષાર્થનો આ પ્રગટ ચિતાર છે.) (૨૩૨)

*

'નિરાલંબી તત્ત્વ હું છું' તેની તો પૂરી મુખ્યતા હોવી જોઈએ. અને દીનતાનું (પરાલંબીપણાનું) પૂરેપૂરુ દુઃખ માલૂમ પડવું જોઈએ. (૨૩૬)

*

સાંભળવાના કાળમાં પણ ''હું નિરાલંબી તત્ત્વ છું'' અહીંથી જ શરૂ કરવું જોઈએ. પછી સાંભળવા કરવાનો ભાવ આવશે, તોપણ મુખ્યતા નહિ રહે. (૨૪૧)

*

ફક્ત બેઠક જ બદલવાની છે. પરિણામ પર બેઠા છો, તો ત્યાંથી ઉઠીને અપરિણામી પર બેસી જાઓ. બસ આટલી જ વાત છે. (૨૪૮)

*

(માત્ર) વિચાર કરવાથી વસ્તુનો પત્તો લાગતો નથી (આત્માનો અનુભવ થતો નથી). વસ્તુ તો પ્રત્યક્ષ મોજૂદ છે, બસ તેમાં જ પ્રસરીને બેસી જવું - બિરાજમાન થઈ જવું. (૨૫૪)



# તને કઈ જાતનો આ રોગ લાગુ પડ્યો છે ?

**- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

જેને સ્વરૂપપ્રાપ્તિની ભાવના ઉત્પન્ન ન હોય અને ન થતી હોય એવા જીવે પુદ્ગલ પ્રાપ્તિની ભાવનાના કાળમાં થોડી જાગૃતિ રાખીને આત્માને નિંદવો કે, શું છે ? તારે કેટલું રખડવું છે ? એને પૂછવું કે હજી તારે કેટલું રખડવું છે? શું વિચાર છે ? હજી કેમ થાક લાગતો નથી? શું આવો નિરાકુળ સુંદર વીતરાગમાર્ગ છે એ હજી તને રુચતો નથી અને ગમતો નથી ? અને હજી તને સંસારમાં હેરાન થવાનો રસ્તો પસંદ પડે છે ? શું થયું છે તને? કઈ જાતનો આ રોગ લાગુ પડ્યો છે ? એમ એણે એને પોતાને જ અંદરમાં બરાબર પ્રશ્ન કરવો જોઈએ.

પ્રશ્ન : એટલા માટે નરક, નિગોદના દુઃખને વધારે સ્થાપે છે ?

સમાધાન : એટલા માટે આવે છે કે, આ બધી તારી કથની છે, ભાઈ ! બીજાની કથની નથી, આ તારી કથા છે અને એ કથા એવી છે કે (અત્યારે) ભૂલ કરી તો પાછી એ વાત ઊભી છે, કુદરત બંધાયેલી છે, એ અનિવાર્ય પરિસ્થિતિ છે - નિવારી શકાય એવી પરિસ્થિતિ નથી. બે હજાર સાગર તો ત્રસનો ઉત્કૃષ્ટ કાળ છે. એ ત્રસમાં પણ બે ઇન્દ્રિયથી માંડીને નરકના દુઃખ તો ત્રસના છે. પછી તો એથી પણ ભયંકર અને ખરાબ સ્થિતિ છે. જે નિગોદની સ્થિતિ છે એ તો સર્વજ્ઞ જાણે અને નિગોદનો જીવ અનુભવ કરે, વાણીનો વિષય નથી.

મુમુક્ષુ : તેમ છતાં ત્યાં અંદર એવોને એવો અખંડ છે.

પૂજ્ય ભાઈશ્રી : એ એની શક્તિ છે અને એ એનું સામર્થ્ય છે. એને ઓળખીને એનો આધાર આવે, એનો આશ્રય આવે તો નિવેડો છે. એટલું બધું માથે વીત્યું છતાં એવોને એવો નક્કોર અખંડ પદ છે એ એની શક્તિની બેહદ વિશિષ્ટતા છે! એને સંભાળવા માટે, એની સંભાળ કરવા માટે બધી વાતો છે, એને લક્ષમાં લેવા માટે છે.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૬૧, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પાનું -૨૯૦,૨૯૧)

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩

# અખંડના સાધક !!



**પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની પ્રત્યે હૃદયોદ્‌ગારો !!**



**- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**

પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે કે વિચાર કાંઈ સાધન નથી. વસ્તુ પ્રત્યક્ષ પડી છે, તેમાં પ્રસરીને બેસી જા. તો વસ્તુ પ્રત્યક્ષ છે એટલે શું ?

ઉત્તર : વસ્તુ તો પ્રત્યક્ષ જ છે ને... તું પોતે જ છો. વિચાર પ્રથમ હોય ખરા, જે વિચાર વસ્તુનો નિર્ણય કરવા, પ્રમાણ–નય આદિના વિચારો હોય છે પણ તે સાધન નથી ને વિચારોમાં અટક્યા કરે તો વસ્તુ પ્રાપ્ત થતી નથી.

*

'નિહાલભાઈ' કહે છે કે 'પર્યાય મારું ધ્યાન કરે, હું કોનું ધ્યાન કરું'– આ દ્રવ્યને લક્ષમાં લઈને વાત કરી છે, પોતાની ધૂનની વાત કહી છે. દ્રવ્યદ્રષ્ટિનું બળ આવે છે તે વેદનમાં આવે છે.

*

'શ્રીમદ્' કહે છે કે આંખ પાસે રેતી ઉપડાવવી તેમ સ્વભાવ પાસે વિભાવ કરાવવા જેવું છે ને 'નિહાલભાઈ'એ (કહ્યું કે) સ્વભાવમાંથી બહાર નીકળવું તે ભઠ્ઠી લાગે છે. બન્નેના એક જ ભાવ છે. 'ભઠ્ઠી જેવું કહેવું' તે 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું' છે. ભાષાની કથન પદ્ધતિ જુદી છે.

*

પ્રશ્ન : 'વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.' આમાં તો વસ્તુ વિચારથી અનુભવ થાય અને 'નિહાલભાઈ' વિચારની ના કહે છે તો શું સમજવું ?

ઉત્તર : અહીં પણ 'મન પાવે વિશ્રામ' એમ લીધું છે ને ? એટલે વિચારથી મન છૂટી જાય ત્યારે અનુભવ થાય છે. વિચારથી અનુભવ થાય નહિ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે ત્યારે મન પણ છૂટી જાય છે તો એકલા વિચાર કરવાથી વસ્તુ કેવી રીતે મળી શકે ? મનથી વસ્તુ પેલે પાર છે.

*

પ્રશ્ન : 'શ્રીમદ્‌જી'માં આવે છે કે 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ... ઔષધ વિચાર ધ્યાન' –

આમાં શું કહેવા માગે છે ?

ઉત્તર : હા, આવે છે કે પ્રથમ ભૂમિકામાં વિચાર હોય તો છે, પરંતુ તે સાધન નથી. 'નિહાલભાઈ' કહે છે કે અંદરમાં પ્રસરી જાવ, સ્વમાં પ્રસરી જવું તે જ વિધિ અને કળા છે. પ્રાથમિક ભૂમિકામાં બધું આવે છે, હોય છે, પછી છૂટી જાય છે. (તા. ૧૨-૪-૭૨)

*

પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે કે 'જ્ઞાની છ ખંડને નહિ પણ અખંડને સાધે છે' એટલે શું ?

ઉત્તર : જ્ઞાનીની અખંડ ઉપર દ્રષ્ટિ કાયમ રહે છે. ગમે તે કાર્યમાં બહાર પડેલા હોય પણ દ્રષ્ટિ તો અખંડ ઉપર પડેલી છે. અખંડ ઉપર દ્રષ્ટિ ન રહે તો આત્મદશા રહે નહિ. દ્રષ્ટિ અખંડ પર છે એટલે છ ખંડને નહિ પણ અખંડને સાધે છે એમ કહ્યું છે. લડાઈના કાળે ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ જ રહે છે. ભલે દેખાય કે છ ખંડ સાધે છે, રાજ-કાજમાં પ્રવૃત્તિ છે પણ તે વખતે પણ અખંડને જ સાધે છે. (તા. ૨૯-૪-૭૨)

*

પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે પરિણતિ, પ્રવેશ કરતી, રમતી, ઉઘડતી છે એટલે શું ?

ઉત્તર : આ તો પરિણામ અંદર જાય તેની વાત છે. પરિણતિ અંદર જાય ત્યારે ઉઘડતી જાય છે. રમતી જાય છે એટલે સ્વરૂપમાં રમણતા થાય છે અને પ્રવેશ કરતી એટલે સર્વગુણાંશ તે સમ્યક્ (એવી રીતે) પ્રવેશ થતાં બધાં ગુણની નિર્મળ પર્યાય સમ્યક્‌રૂપે થાય છે.

(તા. ૨૯-૭-૭૪)

*

પ્રશ્ન : 'નિહાલભાઈએ' કહ્યું છે દેવ-શાસ્ત્ર-ગુરુ બધું પર છે, પર છે એટલે શું ?

ઉત્તર : દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે – તેમાં સર્વસ્વતા નથી. પોતાના ચૈતન્યની સર્વસ્વતા છે. કોઈને કોઈ જાતની ધૂન હોય તે કહ્યું છે. એમને આ પ્રકારની ધૂન હતી. 'પ્રવચનસાર'માં આચાર્યદેવને કેવી કેવળજ્ઞાનની ધૂન છે ! ને ક્ષયોપશમજ્ઞાનની નિંદા કરી છે. 'સમયસાર'માં આચાર્યદેવને જ્ઞાયકભાવની ધૂન છે. 'નિયમસાર'માં પરમપારિણામિકભાવની ધૂન છે.


*

પ્રશ્ન : 'નિહાલભાઈ'માં આવે છે કે પર્યાયમાં ઊભો રહીને વિચાર ન કર અંદરમાં જા, તો શું કહેવા માગે છે ?

ઉત્તર : તું અંદરમાં જા ! પર્યાયમાં ઊભો રહીને વિચાર કર્યા કરીશ તો અંદર નહિ જઈ શકાય, તારી દ્રષ્ટિ ફેરવ, પુરુષાર્થ કરીને દ્રવ્યને પકડી લે !

*

# બંધવૃત્તિનું યથાર્થ ઉપશમન કેવી રીતે ?



## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૫૧૦ પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત-પત્રાંક-૫૧૦. *"શ્રી સ્તંભતીર્થસ્થિત, શુભેચ્છાસંપન્ન શ્રી ત્રિભુવનદાસ પ્રત્યે યથાયોગ્યપૂર્વક વિનંતી કે :-"* ખંભાતના જે ત્રિભુવનદાસ નામના મુમુક્ષુ હતા, તેમના ઉપર આ પત્ર લખ્યો છે. પત્ર ત્રિભુવનદાસભાઈ પર લખ્યો છે પરંતુ દરેક મુમુક્ષુને આ પત્રનું માર્ગદર્શન પ્રયોજનભૂત છે. (વિષય) લાગુ પડે એવો હોવાથી પ્રયોજનભૂત છે. જ્ઞાનીઓનું માર્ગદર્શન અનેક પ્રકારે હોય છે અને શાસ્ત્રનો ઉપદેશ પણ અનેકવિધ-અનેક પ્રકારે ચાલ્યો છે. તે બધાંમાં મારે લાયક કઈ વાત છે ? મારી ભૂમિકામાં મને લાગુ પડે અને હું એનો સદુપયોગ કરીને વર્તમાન સ્થિતિથી એક ડગલુ આગળ વધું, ઓછામાં ઓછું એટલું લક્ષ રહે તો આ વાંચવું - સાંભળવું સાર્થક છે, નહિતર ગમે તેટલું વાંચવામાં આવે, સાંભળવામાં આવે બધું નિરર્થક છે.

ઘણો અભ્યાસ કરવાવાળાને પણ જો આ પ્રકારનું લક્ષ ન રહ્યું તો એ બધું વાંચવું નિરર્થક સમજવું. મારું પ્રયોજન ક્યાં છે ? તેની ખોજ, તેની જિજ્ઞાસા, તેનો દૃષ્ટિકોણ સાધ્ય કરીને શાસ્ત્ર સ્વાધ્યાય થવો જોઈએ. જો આ પ્રકારે શાસ્ત્રનો સ્વાધ્યાય ન થયો તો તે સ્વાધ્યાય, સ્વાધ્યાય જ નહીં રહે. કદાચ વિદ્વતા આવી જશે, પંડિતાઈ પણ આવી જશે પરંતુ પોતાનામાં કાંઈ સુધાર નહીં થાય.

આ પત્ર સ્વાધ્યાયમાં લેવાનું ખાસ કારણ એ છે કે, આમાં જે વાતો છે તે આપણી ભૂમિકાની છે અને આપણને લાગુ પડે એવી છે. *"બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્ત્તવ્ય છે, કારણકે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય ?"* બંધવૃત્તિ એટલે શું ? જ્યાં જીવની વૃત્તિ પ્રતિબદ્ધતાને પામે છે તેને બંધવૃત્તિ કહે છે. પ્રતિબદ્ધ એટલે શું ? રાગથી, દ્વેષથી, મોહથી અથવા કોઈપણ પરિણામથી આત્મા ત્યાં રોકાય જાય છે. પ્રતિબદ્ધ થાય છે એટલે બદ્ધતાને પ્રાપ્ત થાય છે, બંધનને પ્રાપ્ત થાય છે. પરાધીન થાય છે, દીનતાને પ્રાપ્ત થાય છે એટલે કે રોકાય જાય છે. આવી જીવની વૃત્તિ છે. વૃત્તિ એટલે પરિણમન, તેનું ઉપશમન કરવા માટે, ઉપશમન એટલે તેનો રસ ઠંડો કરવા માટે, ઉપશમનો અર્થ શું છે ? નીરસ થવું. રસ નીરસતાને પ્રાપ્ત થાય તેને ઉપશમ કહે છે.

જે જે પદાર્થ પર બહારમાં પરિણામ જાય છે - પંચેન્દ્રિયના વિષયોમાં અને બીજાં પણ અનેક પ્રકારના (પદાર્થ પર પરિણામ જાય છે. દૃષ્ટાંતરૂપે લઈએ તો) સંપત્તિ, પરિવાર, સત્તા, અધિકાર આદિ અનેક પ્રકારના જે પદાર્થ હોય છે - જેને જેવો ઉદય હોય, ત્યાં જીવને રસ આવે છે. ત્યાં નીરસ થઈ જવું જોઈએ. એ પ્રકારનો અભ્યાસ હોવો જોઈએ. અથવા તો તેનું નિવર્તન કરવું એટલે કે નાશ કરી દેવો. તેવા

પરિણામ ઉત્પન્ન જ ન થાય. પહેલા રસ ઠંડો પડે છે પછી તેનો નાશ થાય છે. આ તેનો ક્રમ છે. માટે જો રસ ઠંડો ન પાડ્યો હોય તો રસ ઠંડો પાડો. અને જો રસ ઠંડો પાડ્યો હોય તો તેનો નાશ કરો. (પછી રસ) ઉત્પન્ન જ ન થાય, આ જ તેનો ક્રમ છે.

*"બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવર્તાવવાનો જીવને અભ્યાસ, સતત અભ્યાસ કર્ત્તવ્ય છે,..."* અભ્યાસ એટલે **practice** – પ્રયાસ. તે પ્રકારનો સતત પ્રયાસ કરવો જોઈએ. વારંવાર કરવો જોઈએ, એટલે તેને અભ્યાસ કહે છે. અભ્યાસ એટલે વારંવાર પ્રયત્ન કરવો. બંધવૃત્તિનું ઉપશમન કે નિવર્તન થાય એવો વારંવાર પ્રયાસ કરવો જોઈએ, સતત કરવો જોઈએ. નિવર્તન કરવું એટલે નાશ કરવું – નિવૃત્તિ કરવી – અભાવ કરવો.

*"કારણકે વિના વિચારે, વિના પ્રયાસે તે વૃત્તિઓનું ઉપશમવું અથવા નિવર્તવું કેવા પ્રકારથી થાય?"* પહેલા તે સંબંધી વિચાર કરવો જોઈએ કે, આ વૃત્તિ મને નુકસાન કરે છે, મને દુઃખદાયક છે, આકુળતા કરાવે છે. માટે જો આનો રસ ઠંડો થાય તો આકુળતાનો પારો નીચે આવે અથવા તેનો નાશ થાય, તેનો વિચાર પણ કરવો જોઈએ. પ્રયાસ વિચારપૂર્વક થાય છે. જે લોકો આનો વિચાર નથી કરતાં, તેને તો રસ ઠંડો થવાનો કોઈ અવકાશ જ નથી, અને નાશ થવાનો પણ કોઈ અવકાશ નથી. માટે વિચારપૂર્વક પ્રયાસ કરવો જોઈએ.

*"કારણ વિના કોઈ કાર્ય સંભવતું નથી;..."* કોઈ કાર્ય થાય તે પહેલા તેનું કારણ હોય છે. કારણ વગર કોઈ કાર્ય થતું નથી. આ કાર્યનું **science** – વિજ્ઞાન છે. કોઈપણ **result** આવે છે તેની પાછળ કોઈ ને કોઈ કારણ હોય છે. વગર કારણે કોઈ કાર્ય થતું નથી. જેમકે આપણે મનુષ્ય થયા તો તેનું પણ કોઈ કારણ છે. મનુષ્ય ત્રણ પ્રકારના છે – સ્ત્રી, પુરુષ અને નપુંસક. તેનું પણ કારણ છે. મનુષ્ય માયાવી પણ હોય છે અને સરળ પણ હોય છે, તો તેનું પણ કારણ છે. ક્રોધી પણ હોય છે અને કોઈ શાંત પણ હોય છે, તેનું પણ કારણ છે. કોઈ ઉદાર પણ હોય છે અને કોઈ લોભી પણ હોય છે, તો તેનું પણ કારણ હોય છે. દરેક કાર્યનું કારણ હોય જ છે. કારણ વગર કાર્ય હોતું નથી. આ એક વસ્તુનું વિજ્ઞાન છે – **science** છે.

*"કારણ વિના કોઈ કાર્ય સંભવતુ નથી; તો આ જીવે તે વૃત્તિઓનાં ઉપશમન કે નિવર્તનનો કોઈ ઉપાય કર્યો ન હોય એટલે તેનો અભાવ ન થાય એ સ્પષ્ટ સંભવરૂપ છે."* આ બંધવૃત્તિ દુઃખદાયક છે. જીવને બંધનમાં, જેલમાં, કેદખાનામાં નાખે છે. આ બધાં (શરીર) કેદખાના છે. આ મનુષ્યનો દેહ, તિર્યંચનો દેહ, કૂતરાનું શરીર મળે છે, સર્પનું શરીર મળે છે, બળદનું શરીર મળે છે – એ બધું શું છે ? બધાં કેદખાના છે. અલગ અલગ સ્તરની આ બધી જેલ છે.

અનુભવ પ્રકાશમાં દીપચંદજી સાહેબ લખે છે કે, જો ! તું અત્યાર સુધી કેવા કેવા કેદખાનામાં જઈ આવ્યો છો ! ક્યારેક ગરોળી બન્યો, ક્યારેક કૂતરો બન્યો, ક્યારેક કાંઈક બન્યો તો ક્યારેક કાંઈક બન્યો. જુઓ ! એમ કહીને એક **taunt** માર્યો છે કે, તારે શરમાવું જોઈએ ! આવા આવા ભવમાં વારંવાર જઈશ. જો તું આ વાતને સમજીને તારા પરિણમનમાં સુધાર નહીં કર તો આ જે શરમજનક ભવ છે, તે

તને વારંવાર મળશે. શું તને શરમ નથી આવતી ? આવા ભવ ધારણ કરતાં તને શરમ નથી આવતી શું ? એમ કહે છે. (અત્યાર સુધી) વાસ્તવિક ઉપાય કર્યો નથી, સાચો ઉપાય કર્યો નથી, ખોટો ઉપાય કર્યો છે અને ખોટો ઉપાય કરીને પણ ઉપાય કર્યાનું અભિમાન કર્યું છે. 'મેં આ કર્યું, મેં તે કર્યું, આનો ત્યાગ કરી દીધો, તેનો ત્યાગ કરી દીધો' – તેનો અહંભાવ કર્યો. દાન આપ્યું અને પૈસા આપ્યા તો તેનું અભિમાન કર્યું.

અન્યમત જેવા અન્યમતમાં પણ એવી વાત આવે છે કે, તું સારુ કાર્ય કર પણ તેના ફળની વાંછા ન કર. ગીતામાં એવું આવે છે. જૈનમતમાં તો તેનાથી વિશેષ વાત આવે છે કે, કોઈપણ પ્રકારના બદલાના પરિણામ ન થવા જોઈએ. 'આમ કરશું તો આ મળશે, આમ કરશું તો તે મળશે,' પૈસા આપશું તો માન મળશે (એમ પણ ન થવું જોઈએ). આપણા શાસ્ત્રોમાં આ બધી વાતોનો બહુ કડક નિષેધ છે. માનના પોષણ હેતુ દાન દેવું ન જોઈએ. તેમ છતાં પણ અત્યારે આપણા તીર્થોમાં જોઈએ છીએ કે, એક એક પગથિયા પર, એક એક વસ્તુ પર, પંખાની એક એક પાંખ પર નામ લખેલું જોવા મળે છે. અને ક્યાંક ક્યાંક તો બે-બે, ત્રણ-ત્રણ નામ (લખ્યા હોય છે). ફલાણા ફલાણાની ધર્મપત્ની ફલાણી ફલાણી. અરે..! તને શું થઈ ગયું છે ? ખબર નથી પડતી. (આમ કરવાથી) પાપબંધ થાય છે. દાન દેવાના બદલામાં ત્યાં માનનું પાપબંધ થાય છે. આજકાલ તો એટલી પણ સમજ ચાલી ગઈ છે! તત્ત્વનો અભ્યાસ નહીં હોવાથી એટલી પણ સમજ રહી નથી.

૧૯૯૬ ના મે મહિનામાં માઉન્ટ આબુમાં શિબિર હતી ત્યાં ગયા હતા. ત્યાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખ્ય કેન્દ્ર છે. કરોડો રૂપિયા ખર્ચ્યા છે. કેટલા ? કરોડો રૂપિયા ખર્ચ્યા છે પરંતુ એક જગ્યાએ પણ કોઈનું નામ નથી કે, આમના ૫૧ રૂપિયા મળ્યા છે કે આમના ૫૧ લાખ રૂપિયા મળ્યા છે. બન્નેમાંથી કોઈનું નામ નથી. ન તો ૫૧ રૂપિયા દેવાવાળાનું નામ છે કે ન તો ૫૧ લાખ દેવાવાળાનું નામ છે.

પહેલાં સોનગઢમાં પણ આવું હતું. જ્યાં સુધી ગુરુદેવ બિરાજતા હતા ત્યાં સુધી સોનગઢમાં પૈસા આવે તો પણ કોઈનું નામ નહોતું. ક્યાંય નામ નહોતું આવતું. આજકાલ થોડુ ચાલુ થઈ ગયુ છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ વિકૃતિ આવતી જાય છે. નામની શરતે દાન લેવાતુ જ નથી. કોઈ કહે કે, અમે આટલા પૈસા આપીએ પણ ત્યાં અમારુ નામ લખો. (તો અમે કહીએ છીએ કે) 'એ વાત નહીં કરો ! આપવા હોય તો આપો, ન આપવા હોય તો ન આપો.' અમે તમને માનનું પોષણ નહીં કરાવીએ. એમાં શું છે ? તમારે જો માનનું પોષણ કરવું હોય તો પણ અમે એનું અનુમોદન નહીં કરીએ. એમાં એવી વાત છે.

બ્રહ્માકુમારીવાળા તો ઈશ્વરકર્તામાં માને છે છતાં એક જગ્યાએ પણ કોઈનું નામ નથી. એક બીજી જગ્યાએ પણ એવુ જોયું હતું. લંડનમાં સહજાનંદ સ્વામી નારાયણનું બહુ મોટુ મંદિર છે. એટલું સરસ બનાવ્યું છે કે, 'ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ' માં એનું નામ આવ્યું છે ! (મંદિર બનાવવામાં) કરોડો રૂપિયા નાખ્યા છે. (પરંતુ ત્યાં પણ) કોઈનું નામ નથી. એટલું સમર્પણ છે ! કરોડો રૂપિયા ખર્ચ્યા છે (છતાં

પણ) કોઈનું પણ નામ નથી. લંડનમાં તો જગ્યાની કિંમત પણ ઘણી છે. (મંદિરમાં) બહુ જ કિમતી ચીજોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પાંચ હજાર માણસો બેસી શકે એવો એક વ્યાખ્યાન હોલ બનાવ્યો છે. આખો **air conditioned** છે. અને ક્યાંય વચ્ચે થાંભલો નથી. અને જમીન ઉપર કિમતી ગાલીચા લગાડ્યા છે. પગ લુછવાથી માંડીને, બાથરૂમથી માંડીને એકદમ સાફ છે. દસ-વીસ પગલે **guide** કરવા માટે સ્વયંસેવકો ઊભા રહે છે. આ તરફ જાઓ, આ તરફ જાઓ (એ રીતે રસ્તો દેખાડે છે). શાંત..શાંત..શાંત.. વાતાવરણ હતું. ત્યાં કોઈ પગારદાર માણસ નથી. બધાં ભક્ત લોકો જ સેવા આપે છે. ગૃહસ્થ લોકો જ સેવા આપે છે. કોઈ નોકર નથી. બ્રહ્માકુમારીમાં પણ કોઈ નોકર નથી. બધાં પોતે સેવા આપે છે. તે લોકો જૈનો કરતાં પણ આગળ નીકળી ગયા છે. ઉપદેશ, તત્ત્વજ્ઞાન જેવું જૈનધર્મમાં છે તેને વિશ્વમાં કોઈ **compare** કરી શકે તેમ નથી. **beat** કરવાનો તો સવાલ જ નથી પરંતુ કોઈ **compare** પણ કરી શકે તેમ નથી ! એટલું ઊંચા સ્તરનું છે !! પરંતુ બહારમાં સ્તર નીચે ઉતરી ગયુ. આ ચીજ તે લોકો પાસે નથી. જે ચીજ આપણાં ઘરમાં છે, તે ચીજ તે લોકોના ઘરમાં નથી. પરંતુ ગુણની વાત તો ગમે ત્યાંથી પણ લેવી જ જોઈએ. જો આપણે ગુણગ્રાહી છીએ તો ગુણની વાત તો ગમે ત્યાંથી પણ લેવી જોઈએ.

(ક્રમશઃ આવતા અંકે ... )

*

(પાના નં ૦૯ થી આગળ... )

રુચિમાત્ર સમાધાન પામી છે. એ આશ્ચર્યરૂપ વાત ક્યાં કહેવી ? આશ્ચર્ય થાય છે. આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઈ વાર મળ્યો ન હો તો, ભવિષ્યકાળે પ્રાપ્ત થવો નથી. ધન્યરૂપ – કૃતાર્થરૂપ એવા જે અમે તેને વિષે આ ઉપાધિજોગ જોઈ લોકમાત્ર ભૂલે એમાં આશ્ચર્ય નથી, અને પૂર્વે જો સત્પુરુષનું ઓળખાણ પડ્યું નથી, તો તે આવા યોગનાં કારણથી છે. વધારે લખવું સૂઝતું નથી.

નમસ્કાર પહોંચે. ગોશળિયાને સમપરિણામરૂપ યથાયોગ્ય અને નમસ્કાર પહોંચે.

સમસ્વરૂપ શ્રી રાયચંદ્રના યથાયોગ્ય.

*

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' ( મે-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી ) ના અંક ની સમર્પણ રાશિ

**શ્રીમતી જ્યોતિબહેન કિરીટભાઈ ઉદાણી, અમેરિકા**

દ્વારા ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,


જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# મુનિપણામાં આવે એવું જોર હતું !!

**પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો !!**

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



મુમુક્ષુ : ત્રિકાળી ધ્રુવનો વિષય 'સોગાનીજી'એ બહુ લીધો.

પૂજ્ય ભાઈશ્રી : એમણે તો એમની ચર્ચામાં એ વિષય મુખ્ય લીધો છે. એવું થયું છે કે, એમનું કોઈ એ પ્રકારનું વિશિષ્ટતાવાળું દ્રવ્ય છે કે, ઘણી છૂટવાની તીવ્રતામાં આવી ગયા પછી એમને 'ગુરુદેવ'નો સંયોગ થયો. એ પહેલાં વર્તમાન મિથ્યાત્વની અજ્ઞાન ભરેલી દુઃખમય પરિસ્થિતિમાંથી છૂટવા માટે બહુ તરફડિયા માર્યા છે. એટલા બધા તરફડિયા માર્યા છે કે, એની વેદનાનો કોઈ પાર નહિ! અથાગ વેદનામાં આવ્યા છે. એ એમનો તૈયાર થયેલો સુયોગ્ય કાળ (હતો) અને જ્યારે આવું થાય ત્યારે કુદરતી એને નિમિત્તનો સંયોગ થઈ જાય છે. નહિતર ક્યાં 'અજમેર' અને ક્યાં 'સોનગઢ' ! પાંચસો માઈલનું છેટું છે, એટલું દૂર છે. લગભગ પાંચસો માઈલ હશે. એટલે દૂરથી આવવાનું થયું. કોઈ 'દી નહિ આવેલા, એકલા આવી ચડ્યા અને જેમ કઢેલા દૂધમાં મેળવણ પડે અને જેમ દહીંનું ઢીમ જામી જાય, એમ બોધ મળ્યો કે 'આ જ્ઞાન અને રાગ જુદાં છે' બસ ! આખું જ્ઞાનતત્ત્વ હાથમાં આવી ગયું! રાગથી ભિન્ન એવું અંતર્તત્ત્વ છે બંધ-મોક્ષ રહિત ! એમની ભાષામાં તો ઘણી વાતો આવી છે. એ સીધી એની ધૂન ચડી અને અનુભવમાં આવી ગયા. ત્યારપછી કુદરતનો કોઈ કાળ એવો રહ્યો છે કે, સાત વર્ષ સુધી ફરીને બોધિદાતાર સદ્‌ગુરુની પાસે પોતે આવી શક્યા નથી. એની પણ એમણે બહુ વેદના ઠાલવી છે. પછી સાત વર્ષે એક વાર આવ્યા છે. પાછા બીજાં સાત વર્ષ સુધી આવી શક્યા નથી, આમ છે. એટલે એ ચૌદ વર્ષની અંદર એકલે હાથે એમણે બહુ પુરુષાર્થ કર્યો છે. એવું જ કોઈ એમનું એકાવતારી દ્રવ્ય છે કે જબરજસ્ત પુરુષાર્થ કર્યો છે !!

સામાન્ય રીતે સત્‌સમાગમ ન હોય તો વર્તમાન દેશ-કાળ જોતાં આ લાઈનમાં ટકવું મુશ્કેલ છે. આ કાળમાં અસત્સંગનો અને અસત્‌પ્રસંગનો એટલો ઘેરાવો છે કે, જીવ લાઈન ચૂકી જાય એ સહજમાત્રમાં બને એવું છે. એમની તો કોઈ યોગ્યતાવિશેષ એવી હતી કે, બિલકુલ સત્સંગ સાત-સાત વર્ષ સુધી નહિ ! (તોપણ) ઘણું કામ કર્યું છે !!


મુમુક્ષુ : (ક્યાંક) એ વાત કરી છે કે, આ કાળમાં સમ્યગ્દર્શન માટે જેટલો પુરુષાર્થ કરે છે એટલો પુરુષાર્થ તો ચોથા આરામાં કેવળજ્ઞાન લઈ લે, એટલો પ્રતિકૂળ કાળ છે !

પૂજ્ય ભાઈશ્રી : હા, પ્રતિકૂળ કાળ છે ! એમને તો સંયોગની પ્રતિકૂળતાના એ વર્ષો હતા. નહિ આવી શકવાનું કારણ સંયોગોની અનુકૂળતા નહોતી. એવા ઘણાં પ્રતિકૂળ સંયોગોમાં યોગ્યતાને કારણે પુરુષાર્થ ઘણો ઉપાડ્યો છે. આ બાજુ પ્રતિકૂળતા ઘણી તો આ બાજુ પુરુષાર્થ ઘણો. એમ સામે-સામી લાઈન પકડી છે. ગજબ કામ કર્યું છે ! એટલે એ જે એમની આખી લાઈન બની ગઈ- એકલે હાથે અંદરમાં જામતું જાવું... જામતું જાવું...! બહારમાં જે ગુરુની પાસેથી ઉપદેશ મળ્યો છે એના સંયોગનો પણ પ્રસંગ નહિ ! તો અંદરમાં એમ વિચાર કર્યો કે, એમણે જે ચીજ બતાવી દીધી છે એ તો હું પોતે જ છું, એનાથી હું ક્યાં દૂર છું ? એટલે એમાંને એમાં હું જામેલો જ રહું એ વૃત્તિ જોર કરી ગઈ, એ પુરુષાર્થે જોર કર્યું અને એ જોરમાંને જોરમાં એમણે આ પત્રો લખ્યા છે અને ચર્ચા થઈ ગઈ છે. એટલે એમના વચનોની અંદર પુરુષાર્થ શું ચીજ છે એ ઝળકે છે ! ભલે પુરુષાર્થ અવસ્થા-અંગ છે અને જ્ઞાનીને પુરુષાર્થ જણાય છે કે જે તે ગુણસ્થાને કેવો કેવો પુરુષાર્થ છે અને એ ગૌણપણે જાણવાનો વિષય હોવા છતાં એમના વચનોમાં કોઈ વિશેષ વાત ઉપસતી હોય તો એમના પુરુષાર્થની છે. એ લક્ષમાં લેવા જેવો વિષય છે.

વસ્તુ વ્યવસ્થાની સમજણમાં ગડબડ ન હોય અને પુરુષાર્થની જાગૃતિ માટે કોઈ શાસ્ત્ર વાંચવું હોય તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉત્તમ શાસ્ત્ર છે એમ કહી શકાય. બહુ ઉત્તમ શાસ્ત્ર છે ! સમજણમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની કે બીજી કોઈ ગડબડ ન હોય, વસ્તુ વ્યવસ્થાની સમજણ ચોખ્ખી હોય, હવે અંતરમાં પુરુષાર્થથી ઢળવું છે એ અંગે કોઈ વિશેષ નિમિત્તભૂત શાસ્ત્ર કોઈને જોઈતું હોય તો 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' એને યોગ્ય શાસ્ત્ર છે. એમનું જોર ઘણું હતું ને ! ઘણું જોર હતું !! આયુષ્ય હોત તો મુનિપણામાં આવે એવું જોર હતું !! એવી દશા ! આયુષ્ય એટલું નહિ અને એટલો આ બાજુ કાળ નહિ એમની પાસે.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૪૭, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પાનું -૧૨૦,૧૨૧)

**'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (હિન્દી) નવી આવૃત્તિ જિજ્ઞાસુઓ માટે નિઃશુલ્ક ભેંટ**




પૂજ્ય નિહાલચંદ્ર સોગાનીજીના ૧૧૪માં મંગલકારી જન્મોત્સવની ખુશાલીમાં વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, દ્વારા પ્રકાશિત ગ્રંથ

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' (હિન્દી)

પ્રાપ્તિ માટે...

- સંપર્ક -

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

શ્રી નીરવ વોરા, મો : ૯૮૨૫૦ ૫૨૯૧૩

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Title Code : GUJGUJ07425*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*





... દર્શનીય સ્થળ ...

**'ગુરુ ગૌરવ'**

સોનગઢ

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1270**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041